dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
Fabruary-March 2011 | For private circulation only | Vol. 03 - Issue 52-53

ભારતના અજર જાગ્રત ભગવાન આજે આપણા આત્માને આહ્‌વાન કરે છે, જે આત્મા અપરાજિત છે, જેનો અમૃતલોક ઉપર અનંત અધિકાર છે, તેમ છતાં જે આત્મા આજે આંધળી રૂઢિ અને સત્તા તરફથી અપમાનિત થઈને ધૂળમાં પોતાનું મોં સંતાડી રહયો છે... એ સૈકાઓનો કચરો આજે તેજ અને બળપૂર્વક ફગાવી દેવાનો દિવસ આવ્યો છે. આપણો ભૂતકાળ પોતાનાં સંમોહનબાણ વડે આપણા ભવિષ્ય ઉપર આક્રમણ કરી રહયો છે... નવા નવા પુરુષાર્થ માટે મથી રહેલા આપણા યૌવન ધર્મને નિર્વીર્ય બનાવી રહયો છે; આજે નિષ્ઠુર બળપૂર્વક આપણી એ પીઠ પાછળના ભૂતકાળને છોડવો પડશે, તો જ સદા સામે આગળ જનાર મહામાનવોની સાથે જોડાઈને આપણે અસીમ, અપાર નિષ્ફળતાની લજ્જામાંથી ઉગારો પામીશું; જે મહામાનવો મૃત્યુંજયી, સદા જાગ્રત અને સદા શોધપરાયણ છે. વિશ્વકર્માના જમણા હાથ છે, જ્ઞાન જયોતિથી પ્રકાશિત સત્ય પથના અથાક યાત્રીઓ છે, યુગ યુગને નવે-નવે તોરણદ્વારે જેમનો જયધ્વનિ ગાજે છે અને દેશદેશાંતરમાં પડઘાય છે... અમારા જે અદીન, અમર, પ્રભુ અને ઈશ્વર છે, તેના જ હે મહેશ્વર તમે પ્રભુ છો - તેને આજે તમારા રાજસિંહાસનની જમણી બાજુએ બોલાવો. દીન લજ્જા પામો, દાસ લાંછિત બનો, મૂઢ તિરસ્કાર પામી સદા માટે નિર્વાસન સ્વીકારો.

ધાર્યું ધણીનું થાય (૧૯૧૭)
રવીન્દ્રનાથ ટાગોર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'દીપે અરુણું પરભાત'ના ઉપક્રમે માનવજીવનના ઉજ્જવલ ભવિષ્ય માટે યોગદાન આપનાર મહાન વિભૂતિઓના જીવન-કવનને શ્રદ્ધા અને હૃદયભાવથી અંજલિ આપવાનો તથા નવી પેઢીને આપણી ભવ્ય વિરાસતનો ટૂંકો પરિચય મળે તેવો પ્રયત્ન કરવામાં આવે છે. સાહિત્ય, સંગીત, નાટય, નૃત્ય, ચિત્રકળા, શિક્ષણશાસ્ત્ર, સમાજ સુધારણા, ગ્રામ સુધારણા, વિકસીત ખેતી જેવા વિવિધ ક્ષેત્રોમાં વૈશ્વિક કીર્તિ ધરાવતા મહાન સર્જનશીલ, સાહિત્યનું નોબલ પારિતોષિક મેળવનાર, શાંતિનિકેતન, વિશ્વભારતી અને શ્રીનિકેતન જેવી શિક્ષણની સંસ્થાઓના સ્થાપક કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું એકસો પચાસમી જન્મજયંતીના આ વર્ષે પુણ્ય સ્મરણ કરી પાવન થઈએ.

રવીન્દ્રનાથનો જીવનકાળ હતો ૭ મે ૧૮૬૧ થી ૭ ઓગષ્ટ ૧૯૪૧. એંશી વર્ષના આયુષ્યમાં સિત્તેર વર્ષ તેઓ સાહિત્ય, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં ગૂંથાયેલા રહયા. દસમા વર્ષે લેખનની શરૂઆત કરી. સોળમા વર્ષે અભિનયક્ષેત્રમાં પ્રવેશ્યા. ચોત્રીસમા વર્ષે શિક્ષણક્ષેત્રના પોતાના કાર્યનો પ્રારંભ કર્યો. બરાબર સાઈઠમા વર્ષની વયે ચિત્રકળા ક્ષેત્રની કામગીરીમાં પ્રવેશ કર્યો. રવીન્દ્રનાથની સાહિત્યિક કારકિર્દી ચાર તબકકામાં મનાય છે. ઈ.સ. ૧૮૭૮ થી ૧૮૯૦ના પ્રથમ તબકકામાં કવિતા સંગ્રહ, નાટકો, પત્રસંગ્રહ એમ પચીસ પુસ્તકો પ્રસિધ્ધ થયાં જેમાં મૈથિલી ભાષાના કવિશ્રી વિદ્યાપતિના પદોના પ્રભાવને કારણે વૈષ્ણવ કવિઓની શૈલીમાં તેમણે મૈથિલી ભાષામાં 'ભાનુસિંહ ઠાકુરેર પદાવલી' ગીત સંગ્રહ 'ભાનુસિંહ' ઉપનામે રહયો તથા શેકસપિયરના 'મેકબેથ'નું બંગાળી ભાષાંતર કર્યું. બીજા તબકકામાં ઈ.સ. ૧૮૯૦ થી ૧૯૧૩ના સમયગાળાને બંગાળી સાહિત્યના ઈતિહાસમાં 'રવીન્દ્ર યુગ' તરીકે ઓળખવામાં આવે છે. આ ચોવીસ વર્ષના ગાળામાં તેમણે ઓગણ્યાએંશી પુસ્તકો પ્રકાશિત કર્યા. 'ગીતાંજલિ', 'ચોખેર બાલી', 'નૌકા ડૂબી', 'ગોરા', 'શારદોત્સવ', 'રાજા', 'અચલાયતન' જેવી કૃતિઓ પૈકી રવીન્દ્રનાથને ઈ.સ. ૧૯૧૨માં સાહિત્ય માટેનું નોબલ પારિતોષિક 'ગીતાંજલી' કાવ્ય સંગ્રહ માટે એનાયત થયું. ત્રીજો તબકકો ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૩૧નો મનાય છે જેમાં તેમણે અડતાળીસ પુસ્તકો પ્રકાશિત કર્યા જે પૈકીનો સર્વોત્તમ કાવ્યસંગ્રહ 'બલાકા' છે. ઈ.સ. ૧૯૩૨ પછીના અંતિમ તબકકામાં 'પુનશ્ચ' અને 'પરિશેષ' ગદ્ય કવિતાના સંગ્રહો છે.

રવીન્દ્રનાથે આશરે ૧૦૦૦થી વધુ કવિતાઓ લખી, ૨૦૦૦થી વધુ ગીતો લખ્યાં અને તેમણે સ્વયં જ સંગીતબધ્ધ કર્યા. ત્રણ હજારથી અધિક ચિત્રો દોર્યા, ૪૦ જેટલાં ગદ્ય-પદ્ય સંગીત નાટકો, ૨૦ નવલકથા-નવલિકા ગ્રંથો, આત્મવૃત્તાંત, પ્રવાસ-પ્રસંગો, શિક્ષણ, પહેલીથી ત્રીજીના બાળકો માટે પાઠયપુસ્તકો એમ વિપુલ સાહિત્ય સર્જ્યું.

કવિવરની જન્મ શતાબ્દીની ઉજવણી વખતે શ્રી કાકાસાહેબ કાલેલકર, 'ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ગાતા' વ્યાખ્યાનમાં દર્શાવે છે ''રવીન્દ્રને આપણે મુખ્યતઃ કવિ તરીકે જ ઓળખીએ છીએ. એમાં 'કવિ' શબ્દનો આપણે વ્યાપક અર્થ કર્યો છે. જીવનનું રહસ્ય સમજી-સમજાવી જે કોઈ જીવનની સુંદરતા પ્રત્યક્ષ કરાવે છે તેને આપણે કવિ કહીએ છીએ.''... આ રીતે રવીન્દ્રનાથ ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ પણ બન્યા, અને એજ કારણે વિશ્વમાનવ પણ બન્યા. ''ભારતીય સંસ્કૃતિ એમને માટે વિશ્વના સંગ્રહાલયમાં સાચવવાની કોઈ નિર્જીવ કળાનો નમૂનો કે ઐતિહાસિક દસ્તાવેજ ન હતી; પણ વિશ્વના દરબારમાં પોતાનું યોગ્ય ગૌરવભર્યું સ્થાન લેનાર ચૈતન્યની એક વિશિષ્ટ અને જીવતી અભિવ્યકિતની હતી. ભારતીય સંસ્કૃતિમાંથી સ્થાયી અને પ્રાણદાયી તત્ત્વો જ એમણે આગળ કર્યા''

રાષ્ટ્રગીત 'જનગણમન અધિનાયક' ટાગોરે આપણને આપ્યુ તેમાં એવા જગતની કલ્પના છે જે આંતરરાષ્ટ્રીય હોય તેમજ રાષ્ટ્રીય હોય. એવું વિશ્વ જે દરેક સમુદાયના પ્રદાન વડે તથા જગતના જુદા જુદા ભાગમાં ખીલેલી અનેક સભ્યતાઓથી સમૃધ્ધ હોય. આપણા રાષ્ટ્રગીતમાં ટાગોરે જે સંદેશ આપ્યો છે તે માત્ર આપણા રાષ્ટ્રનો નથી, પરંતુ તે સમગ્ર માનવજાતિ

માટેનો છે. 'જનગણમન અધિનાયક'માં કવિવર માત્ર ભારતીય પ્રજાના હૃદયદેવતાને નહીં, પરંતુ વિશ્વના સર્વ જનગણના હૃદયદેવતાને સંબોધે છે. ''જય હો ભારત ભાગ્યવિધાતા''. ભારત ભાગ્યવિધાતાનો જય હો કે જે વિશ્વના સર્વ માણસોના હૃદયનો અધિનાયક છે.

સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ, અરવિંદ ઘોષ, ગાંધીજી અને રાધાકૃષ્ણનને કાકાસાહેબ કાલેલકર ભારતીય સંસ્કૃતિના પ્રધાન પાંચ ઉદ્‌ગાતા ગણાવે છે. રાધાકૃષ્ણને ભારતીય સંસ્કૃતિ પરદેશીઓ સમજી શકે તેવું અધ્યાપકનું કાર્ય કર્યું. લોકનેતૃત્વ ન કર્યું. સ્વામી વિવેકાનંદે વિશ્વ સમક્ષ વેદાંત રજૂ કર્યો. જ્ઞાન યોગ, ભકિતયોગ તથા કર્મયોગથી લોકોને વાકેફ કર્યા. રાધાકૃષ્ણને પણ Hindu View of Lifeથી આજ કાર્ય કર્યું. તેમણે ભારતીય તત્વજ્ઞાનને પશ્ચિમના લોકો સમજી શકે એવી ભાષા તથા શૈલીમાં રજૂ કરી, ભારતીય દર્શનશાસ્ત્રનો પ્રવાહ સમગ્ર વિશ્વમાં વહેવડાવ્યો છે. અરવિંદ ઘોષે સાર્વભૌમ વેદાંતવિદ્યાનું સર્વોચ્ચ શકિતસ્વરૂપ લઈ વિશ્વ સમક્ષ ધ્યાનયોગ, રાજયોગ અને પૂર્ણયોગ વિશદ્ કર્યો અને સ્વદેશી તથા પરદેશી અનુયાયીઓને એકત્ર કરી વિશ્વસંસ્કૃતિનો પાયો મજબૂત કર્યો. ગાંધીજીની જીવનસાધના વ્યકિતગત કરતાં વધારે સામાજિક અને રાષ્ટ્રીય હતી. તેમણે વિશ્વની તમામ જાતિઓ, મહાજાતિઓ અને સંસ્કૃતિઓની સેવાનો વિનિયોગ કર્યો.

રવીન્દ્રનાથની ઉપાસના જીવન-દેવતાની હતી, જીવનના માંગલ્યની હતી, વિશ્વમાનવની હતી. દ્વૈત, અદ્વૈત અને વિશિષ્ટ અદ્વૈતના ઝગડામાં ઉતર્યા વગર, ત્રણે વચ્ચે સુંદર સમન્વય તેમણે સાધ્યો. તેમની કૃતિઓમાં ભારતીય પરંપરાનું જીવન, ચિંતન અને કવનનું રસાયણ મળે છે... રવીન્દ્રનાથની અસર ધોધ જેવી નહિ પણ સર્વત્ર ફેલાનાર અને ચૂપચાપ પોતાનું કાર્ય કરનાર વાયુમંડળ જેવી હતી.

'ટાગોરની કેળવણી-વિષયક ફિલસૂફી' નામક વ્યાખ્યાનમાં પ્રોફે. હુમાયુન કબીરે ટાગોરે ૧૯૦૫માં નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશનના સંભાષણમાં ઉદ્‌ગારેલ મનનીય શબ્દો નોંધ્યા છે ''આપણા દેશની એ વિચિત્ર ખાસિયત છે કે જયારે-જયારે આપણે શિક્ષણ-સંસ્થા વિષે વિચારીએ છીએ ત્યારે સૌથી પહેલાં મકાનનો વિચાર કરીએ છીએ. ત્યારપછી ફર્નિચરનો વિચાર કરીએ છીએ. ત્યારપછી આપણે પુસ્તકાલયનો વિચાર કરીએ છીએ. ત્યાર પછી પ્રયોગશાળાનો વિચાર કરીએ છીએ. અને આ બધા જ વિષે વિચાર કરી લીધા પછી, જયારે આપણા બધા પૈસા ખર્ચાઈ ગયા હોય છે ત્યારે આપણે શિક્ષકનો વિચાર કરીએ છીએ અને ત્યારે નથી હોતા પૈસા કે નથી હોતી શકિત, પરિણામે, મોટે ભાગે શિક્ષક જડતો નથી. શિક્ષકો જડી આવવા એ એટલું સહેલું નથી. આપણને માહિતી આપનારાઓ મળી રહે. પણ શિક્ષક-સાચો શિક્ષક નહીં. સાચો શિક્ષક તો એ છે જે પોતાના રોજબરોજના અનુભવમાંથી પોતાના વિદ્યાર્થીઓને જ્ઞાન માટેની પોતાની તીવ્ર અભીપ્સા કે પોતાના જીવન અને ચારિત્ર્યમાંથી કંઈક બક્ષે. જયાં જીવન અને ચારિત્ર્ય નથી ત્યાં સાચો શિક્ષક નથી.''

ટાગોરના મતે શિક્ષણકાર્ય એ એક દીવામાંથી બીજો દીવો પ્રગટાવવા જેવું છે. પરંતુ જયાં દીવો પોતે જ ઓલવાઈ ગયો હોય ત્યાં બીજા દીવા કયાંથી પ્રગટાવવાના ? બીજી કલ્પનામાં ટાગોર શિક્ષણ જગતના પ્રવાહોને જીવંત ઝરણા સમું ગણાવે છે. જયારે આ ઝરણું અટકી જાય ત્યારે શિક્ષક બંધિયાર ખાબોચિયા જેવો બને છે તે જ્ઞાન નહીં માત્ર માહિતી આપી શકે.

સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા કવિવરના ચૂંટેલા દાર્શનિક, શૈક્ષણિક, સામાજિક અને રાજનૈતિક નિબંધોને અનુવાદિત કરી ગુજરાતીમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. રવીન્દ્ર નિબંધમાલા ભાગ-૧માં કુલ ૩૬ નિબંધોનો ગુજરાતી અનુવાદ શ્રી નગીનદાસ પારેખ દ્વારા કરવામાં આવ્યો છે. તેની પ્રથમ આવૃત્તિ ૧૯૬૩માં તથા બીજી આવૃત્તિ ૨૦૦૨માં પ્રકાશિત થઈ. શિક્ષણને સ્પર્શતા પાંચ લેખ-શિક્ષણની હેરફેર (૧૮૯૨), શિક્ષણનું મિલન (૧૯૨૧), શિક્ષણનો પ્રસાર (૧૯૩૩), વિશ્વવિદ્યાલયનું રૂપ (૧૯૩૨) અને હિંદુ-વિશ્વવિદ્યાલય (૧૯૧૧)માં કવિવરે શિક્ષણને લગતા તેમના મૌલિક અનુભવોનો નિચોડ વર્ણવ્યો છે. શિક્ષણની હેરફેરમાં કવિવર લખે છે, ''આપણો દેહ સાડા ત્રણ હાથમાં મર્યાદિત છે, પણ તેથી કંઈ બરાબર સાડા ત્રણ હાથનું જ ઘર બાંધીએ તે ન ચાલે. છૂટથી હરવા-ફરવા માટે પુષ્કળ જગ્યા રાખવાની જરૂર હોય છે, નહિ તો આપણા સ્વાસ્થ્યમાં અને આનંદમાં વાંધો આવે છે. શિક્ષણને પણ એ વાત લાગુ પડે છે.''

'શિક્ષણનું મિલન'માં કવિવર જણાવે છે, ''નેશનાલિઝમના અહંકારમાંથી મુકત થતાં શીખવવું એ જ આજના યુગમાં મુખ્ય શિક્ષણ છે. કારણ, આવતી કાલનો ઈતિહાસ બધી પ્રજાઓના સહકારના અધ્યાયથી શરૂ થનાર છે... એટલા માટે જ આપણા દેશની શિક્ષણ સંસ્થાઓને પૂર્વ-પશ્ચિમના મિલનનું ક્ષેત્ર બનાવવી એવી મારી અંતરની ઈચ્છા છે.''

'વિશ્વવિદ્યાલયનું રૂપ' નિબંધમાં રવીન્દ્રનાથ લખે છે, ''સાચું વિશ્વવિદ્યાલય એવા શિક્ષકોને આકર્ષે છે; શિક્ષણની મદદથી ત્યાં માનવક્ષેત્રમાં સર્જન કાર્ય ચાલતું હોય છે, એ સર્જન જ બધી સભ્યતાના મૂળમાં રહેલું હોય છે. પણ આપણા વિશ્વવિદ્યાલયમાં એવા સાચા શિક્ષકો ન હોય તોયે ચાલે છે, કદાચ ખૂબ ખૂબ સારી પેઠે ચાલતું હશે. કારણ, અહીંની પરીક્ષા પદ્ધતિમાં જે ફળ ઉપર નજર રાખવામાં આવે છે તે ભેગાં કરેલાં ફળ હોય છે, પોતે ફળવેલાં ફળ નથી હોતાં. દારિદ્રના નિષ્ઠુર તગાદાને લીધે એવા શિક્ષણ પ્રત્યે દેશને લોભ છે, પણ ભકિત નથી... જે વિદ્યાને આજ સુધી આપણે વિદેશના લિલામમાંથી સસ્તામાં ખરીદેલી ભાગેલી પાટલી ઉપર બેસાડી છે તેને સ્વદેશના ચિત્રરૂપી વેદિ ઉપર આદરપૂર્વક બેસાડવી પડશે. વિશ્વવિદ્યાલયને જયારે યથાર્થ સ્વદેશની સંપત્તિ બનાવી શકીશું ત્યારે આખા દેશના અંતરનો આ દાવો તેની આગળ સાર્થક થશેઃ श्रद्धया देयम । દાન આપવું ને શ્રધ્ધાપૂર્વક આપવું. એ શ્રધ્ધાનું અન્ન પ્રાણની સાથે ભળી જાય છે, પ્રાણશકિતને જગાડે છે.''

ભારતીય સંસ્કૃતિનો સર્વોચ્ચ આદર્શ, એની સુવાસ અને સુંદરતાને અખંડ ગાનાર, ભારતીય સંસ્કૃતિના ઉજ્જવળ સ્વરૂપને વિશ્વ સમક્ષ રજૂ કરનાર તથા આ બધાથી ઉપર ઊઠી વિશ્વમાનવની ભૂમિકા પર આરૂઢ થઈ વિશ્વસહકારની અલખ જગાવનાર ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતાને સમગ્ર ભારતવર્ષ તેમની એકસો પચાસમી જન્મજયંતી ઊજવે છે ત્યારે એ શ્રદ્ધામાં ભળી જઈ અંતરથી नमः परम ऋषिभ्यः ।

૧૫ માર્ચ, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## International Seminar on Education for Global Peace




International Seminar on "Education for Global Peace" is being organized by Shri S.R.Patel B.Ed. College & Smt. Z.S.Patel Womens Colleges, Surat in collaboration with Faculty of Education, Veer Narmad South Gujarat University, Surat during 25-27th February,2011. The convener of the seminar was Dr.Ummed Singh, Prof., Dept. of Education, VNSGU, Surat. The seminar was attended by 485 participants including foreign participants belong to seven countries[Afghanistan, Iran, Kenya, Korea, Myanmar, Japan, Thailand]. The President and Managing Director of self financed college Shri Jayantibhai Patel delivered the welcome address and briefly informed about their programs and activities. Inaugural Function was Presided and addressed by Prof. B.A.Prajapati (Hon. Vice-Chancellor, VNSG University, Surat). He thanked the organizers for selecting such a socially useful theme and appreciated interlinking of self financed colleges with university to sensitize the teachers and students of higher education. He said education is a gateway to information, opportunities and empowerment and it is very effectively used in disseminating the idea of global peace. He has talked about four pillars of Education given by Jacques Delors –learning to know, learning to do, learning to live together and learning to be. Prof. Motilal Sharma, Former Principal Education Specialist, Asian Development Bank and at present Chairman, Worldview Hindustan Foundation, India delivered the key-note address on Education on nurturing Peace Culture. In his key-note address, he, pointed out that most religions embrace peace and harmony as central tenets. Through the ages, principles such as love of neighbor and sanctity of human life have been ardently promoted by religion. Yet, violence continues unabated. Many have argued that religion is in fact a force for division rather than unity. Early 18th –century cleric and author Jonathan Swift wrote: "We have just enough religion to make us hate, but not enough to make us love one-another. Let us make the world a better place. Let us get rid of religion. The idea that the evils of this world could be greatly minimized by eliminating religion has been loudly articulated in recent years, it is time to realize a universal religion. First day, Panel discussion on "Religion and Peace" was also organized which was conducted by Dr.Kalpana Modi, SNDT, Mumbai other panelists were Swami Asimanandji, Prof. Motilal Sharma, Dr. Hemlataben, and Ph.D.Scholar from Pune. Thought provoking discussion took place among all the panelist and participants. After panel discussion there was a special address by Prof. J.P.Maiyani , Acting V.C., Bhavnagar University, Bhavnagar. After that, an interesting presentation was given by Narendra K.Rustagi, Ph.D., Director, Global Business Center, School of Business, Howard University, Washington, USA. by video-teleconferencing on "Peace through Education" . He said that even though we define peace differently, it essentially means individuals living together and respecting each other's actions, giving each other some space in cases of differences and resolving differences without fear or violence. In his slide presentation, he comprehensively explained diversity/ pluralism, competitiveness and Global Peace with the help of different graphs. In last, there was a lively two way video interaction with the presenter.

Second day of the seminar started with a special address given by Dr. Pallaviben Patel, Prof. & Dean of Education, S.P.University, V. V. Nagar with the help of power point slide show. To provide opportunity to present papers to all interested participants twenty one parallel group in three sessions were organized. Total 165 papers were presented. All papers written in English were selected to present on second day in twelve parallel groups under three sessions. The sub-themes were : UN for Peace education, Family and Peace, Peace education and Social harmony, Indian Philosophy for Peace, Human rights and Peace, Role of Youth in Peace, Role of teacher in Peace . February 26th, being a convocation day for the university, participants also enjoyed the convocation address given by Gujarat Chief Minister Sh. Narendra Modi ji. In evening , there was a multi cultural program, organized by organizers and Indian and foreign participants. The Chairpersons of the sessions were Dr. M.K.Yagnik, Prof. & Head, Dept. of Education, SPU, Dr Ajitsinh Rana, B.Ed. college, Ahmedabad , Dr. Dinesh kumar, Principal, & Prof. Saroj Sharma of BTTC, GVM, Sardar Shahr, Prof. Anilkumar, TTTI, Bhopal, Dr. Hemlataben, Pilvai, Dr. Anil Ambasna, Prof.& Head, Edu., Saurashtra university, Rajkot, Dr. Kalpana Modi & Dr. Illa Baria from SNDT, Mumbai, Dr.S.Sharma, Patan, Mrs. Vida Herbi , Research Scholar from Iran.

Third day started with a special address by Prof. Hemlata Talesara, Director & Head, Smt.K.B.Dave College of Education, Pilvai (Guj.) followed by a workshop on "Identifying content for developing Curriculum in Peace Education for Schools". After workshop nine parallel groups in two sessions were organized for those presenters who have prepared

their papers in Hindi and Gujarati. During this period foreign participants have a visit of other departments, library and other nearby self-financed colleges.

In the Valedictory function, reflection and recommendations prepared in seminar have been presented by Dr. Ummed Singh, convener of the seminar followed by the feedback given by participants. Foreign participants told this event as an unforgettable academic event and appreciated the hospitality and care. They liked the idea of free registration of foreign participants and treated them as guests. They promised to implement this idea in their seminars too. A valedictory note was given by Dr. J.P.Gohil, Prin. & Dean , Education Faculty, VNSGU, Surat. Dr.Bhartiben Naik, Officer on Special Duty, SNDT, Mumbai was the Guest Speaker, in her note she appreciated and thanked organizers for selecting such a timely theme and presence of a large gathering, she said that peace education must be included in teachers' training program. Shri. Jayntibhai Patel thanked all the guests and participants for attending the seminar. The Valedictory session was chaired by Prof. J.R.Mehta, Registrar, VNSG University, Surat. He thanked all organizers and participants for a fruitful mental exercise during the seminar and come out with substantial recommendations. He has suggested that teachers must be trained to nurture peace among our new generation in schools because peace is necessary for progress of everyone and for nation. Vote of thanks was given by Mr. Mahesh Patel, Campus Director of Vidhyadhan Charitable trust. The recommendations of the seminar for various agencies are as below :



1. **The National Government:**
   - (a) The national government should prepare a peace policy and peace development education policy.
   - (b) The national government should circulate guidelines for implementation of these policies at the state level.
   - (c) The national government should develop a strategy for youth development.
   - (d) The national government contribute 50% of resources to the youth peace development activities budget prepared by the state government.
   - (e) The national youth ministry should organize National Peace Development Youth Forum (NPDUF) annually.
2. **The State Government**
   - (a) Prepare State Peace Development Education Policy for Youth in the light of national policies.
   - (b) The state government should establish department to implement and evaluate youth peace development activities.
   - (c) District youth peace development fund should be established in each district to finance youth activities in the district at institutional level .
3. **Educational Institutions**
   - (a) School/college/university should organize youth / community peace development circles.
   - (b) Community projects be planned and implemented by youth circles.
   - (c) Youth peace development circles should mobilize resources from Community for their local activities and partial funding should be provided by district youth peace development fund.
4. **School Education Boards / Universities**
   - (a) Develop circulations of peace education as part of their regular Courses
   - (b) Teacher's should be provided training in peace education. Curriculum for peace education should be prepared as part of teacher training.
   - (c) School Education Boards / universities should organize Youth Exchange Programs, youth Training Programs, provide scholarships to students for attending training courses in peace development education etc.
   - (d) Ahinsa training programs should be implemented in the curriculum of all educational institutions. In this respect the UGC will take initiative to prescribe a wider plan and provide guidance to all the teacher training institutions for it's implementation.
5. **Veer Narmad South Gujarat University**
   - (a) The university may consider establishment of ' South Asian Institute for Peace Development Education.
   - (b) This institute will help all South Asian countries in the preparation of peace policy and in the development of Peace. Development curriculum for all levels of education.
   - (c) It will organize training programs to lead peace development Professionals.
   - (d) It will undertake research projects in the areas of Conflict Resolution and peace development
   - (e) It will undertake capacity building activities for

the South Asian Countries in the area of peace education..

(f) It will facilitate international cooperation and mobilize resources from bilateral and multilateral sources. It will work as information centre and collect information on peace education activities from different countries of the world and prepare a database.

## ગ્રંથાલય

યુનિવર્સિટી ગ્રંથાલયની ઈન્ટરનેટ લેબની સુવિધાનો સમય તા. ૯-૧૨-૨૦૧૦ થી સવારના ૯.૦૦ થી રાત્રિના ૯.૦૦ વાગ્યા સુધીનો કરવામાં આવેલ છે. દૈનિક આંકડાકીય માહિતી મુજબ ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૯૪૪ ઉપભોકતાઓએ ઈન્ટરનેટ સુવિધાનો લાભ મેળવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ઈન્ટરનેટ લેબની સુવિધાનો સમય સવારના ૧૧ થી ૫ સુધીનો હતો. આ સમય દરમ્યાન નવેમ્બર માસમાં ૨૬૫ ઉપભોકતાઓએ લાભ મેળવેલ. આમ, યુનિવર્સિટી ગ્રંથાલય તેના ઉપભોકતાઓને મહત્તમ સેવાઓ અને સમય પ્રદાન કરી રહયું છે.

## પેપર વાચન

ગણિત વિભાગના પ્રો. ડાઁ. એચ.ડી. ડોકટરે તા. ૧૧-૧૩ માર્ચ ૨૦૧૧ દરમ્યાન, યુનિવર્સિટી ઓફ રાજસ્થાન દ્વારા આયોજિત યુ.જી.સી. સ્પોન્સર્ડ Challenges before applied Mathematicians : Fluid Dynamics and Optimization Techniques વિષય પરના નેશનલ વર્કશોપમાં Spline Collocation - An efficient tool for approximation of solution to the flow problems પર પેપર વાચન કર્યુ.

## પરિસંવાદ

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત "Tenth Biennial International Conference of Comparative Literature Association of India" ની આંતર રાષ્ટ્રીય પરિષદ તા. ૩-૬ માર્ચ ૨૦૧૧ દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષ ડો. દમયંતી પરમારે "The Cultural transfusion in "Samaydweep", A Gujarati novel, and "Godhulee", A Kannad novel: Redefining Society and Civilization.", આસિ. પ્રોફે. મુકેશ વસાવાએ "Shahity ane Samaj na Pripreksha ma "Kurtinithena (Tamil) ane Prithibir nanhi (Asamiya)." પ્રા. મનિષ પટેલે "Samajkata na Sandharbe "Shasti" (Udiya) ane "Chemmin" (Malayam) Navalkathao no Tulnatmak Abhyas." રિસર્ચ સ્ટુડન્ટ મુકુંદરાય દેસાઈએ "Shimalanaphul' (Gujarati) ane 'Gruha daha' (Bangali) Navalkatha : Ek Tulnatmak Adhyayan" વિષય પર શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા. વિભાગના પૂર્વઅધ્યક્ષ ડો. અશ્વિન દેસાઈ CLAIના કરોબારીના સભ્ય તરીકે પુન: ત્રણ વર્ષ માટે બિનહરિફ ચૂંટાયા હતાં.

## Refresher Course

**Refresher Course: Environmental Studies** (open to all) (03 May-24 May 2011) (03 May-24 May 2011) **Research Methodology in Social Sciences** (Education/Political Science/ Psychology/ Sociology) (15 July-04 Aug. 2011) **History** (15 July-04 Aug. 2011). **Business Studies** (Economics/ Commerce/ Management (15 July-04 Aug. 2011) **Research Methodology in Oriental Studies** (Arabic/Islamic Studies/Persian/Theology/ Urdu) (07 Sep.-27 Sep. 2011)Computer Application (open to all) (07 Sep.-27 Sep. 2011) English (14 Nov. – 03 Dec. 2011) **Human Rights** (open to all) (14 Nov. – 03 Dec. 2011) **Library and Information Science** (14 Nov. – 03 Dec. 2011) **Women's Studies** (open to all) (31 Jan. – 21 Feb. 2012) **Research Methodology in Agricultural Sciences** (Agricultural Science/Botany/Wild Life Science) (31 Jan. – 21 Feb. 2012) Hindi (13 March – 02 April 2012) **Orientation Programme** :(1) 15 July – 11 Aug. 2011 (2) 07 Sept. – 04 Oct. 2011 (3) 31 Jan.-27 Feb. 2012 (4) 13 March. – 11 April 2012. Further details: Aligarh Muslim University, Aligarh. www.ascamu.org

## M. Phil

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University Surat during March 2011.

**Bio-Science**

(1) Naik, Janaki Kishorbhai. **An attempt to develop an improved immunodiagnostic assay for typhoid.** (Dr. H. C. Mody), Institute of Medical Technology, Surat.

**Commerce**

(1) Gamit, Saroj Thakorbhai. **Job satisfaction of the employees of the sugar industries in Tapi District.** (Dr. J. U. Patel), M. R. Desai Arts & E. E. L. K. Commerce College, Chikhli.

**Economics**

(1) Doshi, Dipikaben Arunbhai. **સામાજીક કલ્યાણ સામજિક સલામતી અંગેની યોજનાઓનો એક અભ્યાસ અપોલો ટાયર્સ લિ. (બરોડા)નાં સંદર્ભમાં.** (Dr. Kirti S. Zankharia), Department of Economics, V.N.G.U. Surat.

**Eduation**

(1) Patel, Hetal Shashikantbhai. **બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના પ્રાયોગિક પાઠોનું ચિંતનાત્મક અધ્યાપન : એક અભ્યાસ.** (Dr. Raising B. Chaudhari), Department of Education, VNSGU, Surat.

**Gujarati**

(1) Chaudhari, Narsingbhai Samlabhai **ચૌધરી સમાજનું મૌખિક સાહિત્ય–એક અધ્યયન.** (Dr. Jayantibhai S. Chaudhari), Shri Morarji Desai Arts & Commerce College, Buhari.

(2) Chavda, Hetalkumari Sumanbhai. **રમણભાઈ નીલકંઠના સાહિત્યમાં સુધારાવાદી વલણો (ભંદ્રભંદ્ર અને 'રાઈનો પર્વત' ના વિશેષ સંદર્ભે) ટૂંકી રૂપરેખા.** (Dr. Jayshri J. Chaudhary), Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar.

(3) Patel, Dharmishthabahen Bankimchandra. **દીપક બારડોલીકરની ગઝલોમાં વિષય વૈવિધ્ય: એક અભ્યાસ.** (Dr. A. A. Shaikh), Government Arts & Commerce College, Vansda.

(4) Patel, Nileshkumar Kantilal. **મધુરાયકૃત 'ચહેરા' અને ભગવતીકુમાર શર્મા કૃત 'ઊર્ધ્વમૂલ નવલકથામાં**

**અસ્તિત્વમૂલક સમસ્યાઓનું નિરૂપણ-એક અભ્યાસ.** (Dr. Bharat Parikh), Smt. J. P. Shroff Arts College, Valsad.

**Hindi**

(1) Ahir Prakashkumar Gopalbhai. जैनेन्द्र के उपन्यासों में सामाजिक समस्याएँ एक अध्ययन. (Dr. Gulabbhai M. Patel), V. S. Patel College of Arts & Science. Bilimora.

(2) Jani Harshadkumar Gunvantbhai. 'परिताप के पाँच क्षण' काव्य में भीष्म का मनोमंथन. (Dr. Najma A. Malek), H. R. Shah Mahila Arts & Commerce College, Navsari.

(3) Valvi, Avinashiben Hureshbhai राजी सेठ की कहानियों का अनुशीलन ('अन्धे मोड से आगे' और तीसरी हथेली के संदर्भ में). (Dr. Madhu M. Vasava), Shri M. R. Arts & Science College, Rajpipla.

## Ph. D.

A list of Doctoral theses accepted by Veer Narmad South Gujarat University Surat during March 2011.

**Accountancy**

(1) Rana, Rajesh Dhansukhlal, management of performing and non performing assets a study of selected Urban Co-Operative Banks in South Gujarat. (Dr. U.T.Desai), Sir K.P.College of Commerce, Surat.

**Education**

(1) Patel, Pramod Kanubhai. શ્રેણી-૧૦ના સામાજિક વિજ્ઞાન વિષયમાં કમ્પ્યૂટર સહાયક શિક્ષણ સંપુટની રચના અને અજમાયશ. (Dr. Vinod G. Patel), V. T. Choksi Sarvajanik College of Education, Surat.

# કોલેજ ન્યૂઝ

## પરિસંવાદ

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુ.જી.સી. પ્રેરિત ૨૪-૨૫ ફેબ્રુઆરી, ૧૧ દરમ્યાન 'યુવા નેતૃત્વ' વિષય પર પરિસંવાદ પર યોજાઈ ગયો. જેમાં પ્રિ. ડાં. જે. એમ. નાયક, શ્રી નિજાનંદ સ્વામી સરસ્વતી, શ્રી બી. એમ. કેવત, શ્રી વિરલ પુરોહિત, શ્રી સુનિલ મરજાદી, ડાં. પી. છોલીયા, ડાં. શશીકાન્ત શાહ, શ્રી નરેશ કાપડીયા અને શ્રી સંજીવ દેસાઈએ વિષયને અનુરૂપ વ્યાખ્યાન આપ્યાં હતાં. તદ્‌પરાંત શ્રી રમેશભાઈ ચાંપાનેરીએ ગમ્મત ગુલાલ અને ભાવેશ ટેલરનો યોગા કાર્યક્રમ રજૂ થયો હતો. રજૂ થયેલ પેપર્સમાંથી પ્રિયા એસ. પટેલનું પેપર પ્રથમ રહયું હતું જયારે પોસ્ટરમાં પ્રા. ટી. જી. ગોહિલ અને પ્રા. ડી. જી. ઠાકોર પ્રથમ રહયા હતાં. પૂર્ણાહૂતિ સમારોહ સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈના મહેમાન પદે યોજાયો હતો. જેમાં તેમણે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

'નોલેજ' કોન્સોર્સિયમ ઓફ ગુજરાત' ધ્વારા આયોજીત અને પ્રિ. ડાં. એચ. એ. દેસાઈની પ્રેરણાથી રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં 'નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ જીલ્લા કક્ષાનો તાલીમ કાર્યશિબિર તા. ૨ - ૩ માર્ચ ૨૦૧૧ના રોજ સંપન્ન થયો. આ કાર્યશિબિરમાં વલસાડ અને તાપી જીલ્લાની દરેક કોલેજના બે અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'નોલેજ મેનેજમેન્ટ' પ્રોગ્રામના ઉદ્દેશો અને વ્યૂહરચના અંગે ડાં. આનંદભાઈ ભટ્ટે ખ્યાલ આપ્યો હતો. 'ACADEMIC ENGLISH' વિષય ઉપર પ્રા. પ્રિયકાંત વેદે તજજ્ઞ તરીકે સેવા આપી હતી. 'Role of ICT' વિષય ઉપર પ્રા.ધર્મિન શાહે તજજ્ઞ તરીકે સેવા આપી હતી. કોમ્પ્યુટરનું પ્રેકટિકલ નોલેજ પ્રા. મિતેશ પટેલે આપ્યું હતું. કોમ્પ્યુટરમાં મલ્ટી મિડિયાનો ઉપયોગ, સર્ચ અંજીન, કોમ્પ્યુટરની લેટેસ્ટ ટેકનોલોજી વિષય વિષે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા પ્રો. ડો. અપૂર્વ દેસાઈએ પ્રવચન આપ્યું. સ્મરણશકિત વધારવાની ટેકનિકો-'મેમરી ટેકનીક' વિષય ઉપર વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપૂરના પ્રિ. યોગેશભાઈ ભટ્ટે તાલીમાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપ્યું હતું. તાલીમાર્થીઓનો ENGLISH KNOWLEDGE TEST પણ લેવામાં આવી હતી.

## વ્યાખ્યાન

તા.૧૫-૦૩-૨૦૧૧ના રોજ શ્રીમતી ઝેડ.એસ.પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, સુરતમાં એસ.વાય.બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે "સ્કોપ ઈન ઈન્ફાર્મેશન ટેકનોલોજી" વિષય પર કેરીયર ગાઈડન્સ અને "એક્ષ.એમ.એલ." ના વિષય પર એમ.એસ.સી. આઈ. ટી.ના ઈ.ચા.ડાયરેકટરશ્રી પુષ્પલ દેસાઈનું પ્રવચન યોજાઈ ગયું. જેમાં તેમણે એક્ષ.એમ.એલ. પર વિગતવાર સમજણ, તેનો ઉપયોગ, ફાયદા અને હાલમાં ચાલી રહેલા વિષયો પરની વિસ્તારપૂર્વક માહિતી તથા તેને સંબંધિત વ્યવહારુ અને વાસ્તવિક પ્રશ્નોની છણાવટ પણ કરી હતી.

તા. ૨૨/૦૨/૨૦૧૧ના રોજ શ્રીમતી ઝેડ.એસ.પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ સુરતમાં એસ.વાય.બી.બી.એ ના વિદ્યાર્થીમાટે "કેશ મેનેજમેન્ટ" વિષય પર સુરત પીપલ્સ બેંકના નિવૃત જનરલ મેનેજર શ્રી મનહરભાઈ ગાંધીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. પ્રવચનમાં કેશનો અર્થ, કેશની જરૂરિયાત અને હેતુ, કેશની કાર્યપદ્ધતિઓ, ઓપરેશન ઓફ બેંકિંગ વગેરેની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે પ્રશ્નોની છણાવટ પણ સુંદર રીતે કરી હતી.

તા. ૦૩/૦૩/૨૦૧૧ના રોજ શ્રીમતી ઝેડ.એસ.પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ સુરતમાં એસ.વાય.બી.બી.એ ના વિદ્યાર્થીમાટે "રામા ન્યૂઝ પ્રિન્ટ અને પેપર લિમિટેડમાં" ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ વિદ્યાર્થી ભાઈ બહેનો તથા ૩ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. જેમાં કંપની અધિકારીશ્રી લલિત શાહે વિવિધ માહિતી આપી હતી.

## સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત આંતર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ નવયુગ કોમર્સ કોલેજ, સુરત તથા એમ.કે.કોમર્સ કોલેજ ભરૂચ કોલેજ ખાતે યોજાઈ ગઈ. જેમાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત ૧૬ રનથી વિજેતા થઈ હતી. વિજેતા ટીમને કોચ શ્રીનવનીત પટેલે પ્રશિક્ષણ આપ્યું હતું. જયારે મેનેજર તરીકે પ્રા. અરવિંદ નાયકે સેવા આપી હતી. મેચ દરમ્યાન યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી ડેવિડ હાજર રહયા હતાં. વિજેતા ટીમને પ્રિ.શ્રી.જે.એમ. નાયકે અભિનંદન આપ્યા હતા.

## ઈનામ વિતરણ




તા. ૦૧-૦૩-૧૧ના રોજ નવયુગ કોમર્સ કોલેજમાં કુલપતિ ડૉ. બી.એ.પ્રજાપતિના પ્રમુખપદે તથા સિન્ડિકેટ સભ્ય પ્રિ. યુ. ટી. દેસાઈ અને હીરા ઉધોગપતિ નાગજીભાઈ સાકરીયાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. સ્ટુડન્ટ કાઉન્સિલના ચેરમેન પ્રા. બી.જી. વશીએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. પ્રિ. જે. એમ. નાયકે કોલેજના વાર્ષિક અહેવાલમાં કોલેજની શૈક્ષણિક અને રમતગમતની પ્રવૃત્તિઓ અને મેળવેલ સિધ્ધિઓ રજૂ કરી હતી. ૬૫ જેટલા તેજસ્વી તારલાઓ તથા ૬૦ જેટલા રમત ગમત ક્ષેત્રે સિધ્ધીઓ પ્રાપ્ત કરનાર રમતવીરોને મેડલ, ઈનામો તથા ટ્રેકશુટ આપી સન્માનવામાં આવ્યા હતાં.

કુલપતિ ડૉ. પ્રજાપતિએ હકારાત્મક અભિગમ સાથે પડકારો ઝીલી જ્ઞાનની સદીને અનુરૂપ વ્યકિતત્વ વિકસાવવા અનુરોધ કર્યો હતો. જીવનમાં દરેક હાર પછી જીત છે હકારાત્મક રહી પડકારોનો સામનો કરવા આહવાન કર્યુ હતું અને તેજસ્વી તારલાઓની સિધ્ધિને બીરદાવી અભિનંદન આપ્યાં હતાં. અતિથિ વિશેષ શ્રી ડૉ. યુ. ટી. દેસાઈએ પણ વિદ્યાર્થીઓની સિધ્ધિને બિરદાવી કઠોર પરિશ્રમ કરી આઈ. એ. એસ. અને યુ. પી. એસ. - જી. પી. એસ. સી. ની પરીક્ષા આપી સફળતા મેળવી દેશના વહીવટમાં યોગદાન આપવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી નાગજીભાઈ સાકરીયાએ રમતવીરોની સિધ્ધિઓને બિરદાવી ટ્રેકશુટ સ્મૃતિભેટ રૂા. ૧૫૦૦૦/- આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. કોલેજના વહીવટ સ્ટાફના સિનિયર કલાર્ક શ્રી સુખાભાઈ પટેલ વય મર્યાદાને કારણે નિવૃત થતા હોઈ તેમનું કુલપતિશ્રીના હાથે શાલથી સન્માન કર્યુ હતું. શૈક્ષણિક સિધ્ધિઓના ઈનામની જાહેરાત પ્રો. ખુરશીદબેન પંથકીએ તથા રમતગમતના ઈનામોની જાહેરાત પ્રો. એ. આર. નાયકે કરી હતી. પ્રો. ડી. પી. પટેલે આભારવિધિ આટોપી હતી તથા પ્રો. કૌસ્તુભાબેન ખાનસાહેબ તથા પ્રો. ઉષાબેન સીગીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં ૨૦૧૦-૧૧નાં વર્ષ દરમ્યાન તેજસ્વી વિદ્યાર્થીઓએ ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ તા.૧-૩-૨૦૧૧નાં રોજ યોજાઈ ગયો. જેમાં રીઝર્વ પી.આઈ. (સૂરતસીટી) શ્રી જે. આર. રાણા ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કાંતિભાઈ એન. પટેલ, સિન્ડિકેટ સભ્યશ્રી દિનેશભાઈ દાસ, શ્રી પ્રિ.ડૉ. જગદીશભાઈ ગૂર્જર, સૂરત જિલ્લા પંચાયતના સભ્યશ્રી દર્શનભાઈ નાયક તથા વેદાંતાચાર્ય શ્રી પૂજ્ય બ્રહ્મદર્શન સ્વામી ઉપસ્થિત રહયાં હતાં. તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યુ હતું. ઉપસ્થિત મહેમાનોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું તથા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૨૮-૦૨-૧૧ના વર્ષનો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ વી.એસ.પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાના આચાર્ય તથા સ્વર્ણીમ ગુજરાત ઉત્સવ નવસારી જીલ્લાના કલસ્ટર હેડ શ્રી પ્રિ.એમ.એન.વશીના પ્રમુખપદે અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વિજયભાઈ ગાંધી (એડમીનીસ્ટ્રેટીવ મેનેજર, એલ.આઈ.સી. બીલીમોરા) તથા શ્રી મોહનભાઈ હોજિયાણી ('મેઘધનુષ સંસ્થાના પ્રમુખ, વેપારી તથા વાંચે ગુજરાત કાર્યક્રમના સરકાર નિયુકત સભ્યશ્રી) ના અતિથીવિશેષ પદે યોજવામાં આવ્યો. સમગ્ર વર્ષ દરમ્યાન વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ તથા પ્રથમવર્ગ મેળવનાર તથા પ્રથમવર્ગ મેળવનાર વિદ્યાર્થીઓને મહેમાનોએ તથા આચાર્ય ડો. બી. એમ. પંચોલીએ પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યા હતાં.

## Workshop




On 18th March, there was seminar on placement for college students of Bharuch District, in different industries, institutions and agencies at Kadakia Arts and Commerce College.Ankleshwar. Dr. Nandini Kannan, Extention Director from Knowlege Concertiam of Gujarat, Gandhinagar with her colligues Ms. Rebecca Jordon and Malati Mehta , Experts have presented excellent proposals for college students. They have also presented the function of UDISHA within different colleges of Gujarat. Recently State Level Workshop and at District level workshop are going to organize serially. The workshop of Ankleshwar is gracefully the first district level programme all over Gujarat. In this workshop,Principal Dr. Jagdish Gurjar felicitate the Expert faculties and delegates teachers and students from different colleges.Dr.Bhaskar Rawal, Principal Narmada College, Zadeshwar has also delivered presentation on Goal-Setting in the career of students.Prof. G.K. Nanda has expressed valuable ideas on Communicative Skills. Dr. K.S. Chavda, the Convener of Udisha (Bharuch District) successfully organized the workshop. The entire workshop was blended with theoretical as well as practical exercise of computer skills.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ.માં "How to Write Research Paper ?" પર યોજાયેલ વર્કશોપમાં પ્રો. ડૉ. ઉમેદસિંગ પરામર્શક તરીકે હાજર રહયા હતાં. મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ શાખાના ડીન ડૉ. જે.પી. ગોહિલ હાજર રહયા હતા. આ વર્કશોપમાં ૯૫ પ્રતિભાગીઓએ સંશોધન પત્ર અંગેની સમજ મેળવી હતી તેમજ લેખન કાર્ય કર્યુ હતું. ગતવર્ષના કોલેજનાં તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## પ્રવાસ

શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ સુરતના એસ. વાય. બી. બી. એ. ના વિદ્યાર્થીઓએ તા. ૭-૨-૧૧ના રોજ સાયણ સુગર ફેકટરીમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કર્યુ હતું.

## તાલીમ

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના રેડક્રોસ યુનિટના નવ વિદ્યાર્થીઓએ સિનોર, જિ. વડોદરા ખાતે દશ દિવસના સ્પેશીયલ ફલ્ડ અને રેસ્કયુ ટ્રેનીંગમાં એકટિવ સેફટીના બેઝીક ટ્રેનીંગ કોર્સમાં તાલીમ મેળવી હતી.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદ્રષ્ટા વીર નર્મદ**

સંપાદક : પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જર

પ્રકાશક : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

વર્ષ : ૨૬-૨-૨૦૧૧. પૃ. ૩૨૪. રૂા. ૩૦૦

ISBN 978-81-921045-2-2

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના એક ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યુગપુરુષ નર્મદે કરેલા સાહિત્યસર્જન તેમજ સમાજ સુધારણા સંદર્ભે થયેલા બહુમૂલ્ય પ્રદાન વિષે ડૉ.જગદીશ ગૂર્જર, ડો.બી.એ.પ્રજાપતિ, ભગવતીકુમાર શર્મા, ર.મ.શુકલ, વિદ્યુત જોષી, રઘુવીર ચૌધરી, પ્રવીણ દરજી, ચંદ્રકાન્ત ટોપીવાળા, રમણ પાઠક, પ્રસાદ બ્રહ્મભટ્ટ, સુરેશ દલાલ, ડૉ.દમયંતી પરમાર, રવીન્દ્ર પારેખ, ડૉ. ભરત પરીખ, લાભશંકર પુરોહિત, ભગીરથ બ્રહ્મભટ્ટ, નીતિન વડગામા, ગુણવંત વ્યાસ, ડૉ. કીર્તિદા શાહ, દર્શના ધોળકિયા, ચિનુ મોદી, દક્ષા વ્યાસ, ડો.પી.જે.પટેલ, ચંદ્રકાન્ત શેઠ, મણિલાલ હ. પટેલ, ડૉ. દક્ષેશ ઠાકર, રમણ સોની, વિજય શાસ્ત્રી, સતીશ વ્યાસ, શરીફા વીજળીવાળા, રતિલાલ બોરીસાગર, ડો. બિપિન આશર, ડંકેશ ઓઝા, ડૉ. કુમારપળ દેસાઈ, વિનોદ અધ્વર્યુ, ડૉ. મહેશ ચંપકલાલ, અમૃત ગંગર, ડૉ. ભદ્રાયુ વછરાજાની, બી.જે.અંકુયાના લેખોનું સંપાદન એટલે "સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદષ્ટા વીર નર્મદ" યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ડીન અને આચાર્યશ્રી ડૉ. જગદીશ ગૂર્જર આ ગ્રંથના સંપાદક છે.

આ ગ્રંથનું વિમોચન તા. ૨૬-૦૨-૧૧ના રોજ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. નર્મદ વિષય સંદર્ભે સંશોધન કરવા ઈચ્છતા સૌ કોઈને ઉપયોગી નીવડે તે હેતુથી આ ગ્રંથમાં નર્મદ વિષયક યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગૃહિત વાચનસામગ્રીની સૂચિ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સૂચિ અનુસારની વાચન સામગ્રીને સ્વતંત્ર રીતે ગ્રંથાલયમાં સંગૃહિત કરવામાં આવેલ છે.

આ ગ્રંથના સંદેશમાં મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી દર્શાવે છે કે "માતૃભાષા અને માતૃભૂમિ ગુર્જરીના ગૌરવની ખેવના રાખનાર વીર નર્મદના સાહિત્યપ્રદાનનો મહિમા કરવો એ ગુજરાત સ્વર્ણિમ જયંતી વર્ષનું સાહિત્ય-સંભારણું બની રહેશે. એ જમાનાના સમાજની તાસીરને જાણીને સર્જાયેલું એમનું જોશભર્યું અને હોશભર્યું સાહિત્ય તથા એમના વિષે આલેખાયેલ અનેક નામી સાહિત્યકારોના લેખો, આ બધું 'વાંચે ગુજરાત' અભિયાન પરત્વેની અણમોલ જણસ બની રહે."

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પ્રકાશન પ્રવૃત્તિમાં આ ગ્રંથના પ્રકાશનથી નવતર પગલાંની શરૂઆત કરી છે. વીર નર્મદના નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીએ નર્મદને સાચી અંજલિ આ ગ્રંથ થકી આપી છે.

સિતાંશુ યશશ્ચંદ્ર આ ગ્રંથ વિશે દર્શાવે છે કે "જેમ અખંડ વહેતી નદીના યે પાકા ઓવારા હોય, જયાં ગામની પનિહારીઓ પાણી ભરવા આવે અને પરગામના પ્રવાસીઓની હોડીઓ લાંગરી શકે, એમ વેગીલી સ્મૃતિનાં ઊંડા નીરને પણ સુસ્થિર ઓવારાની જરૂર પડે. ગુજરાતી પ્રજાના સંસ્કાર-દેહની તરસ છીપાવવા માટે અને એના વિચાર-જગતને ચાલતું રાખવા માટે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને નર્મદ વિશેના આ અભ્યાસ-ગ્રંથનું નિર્માણ કરીને એવો એક સુંદર અને ઉપયોગી ઓવારો રચી આપ્યો છે. આવા ગ્રંથની પરિકલ્પના કરી, ગુજરાતભરના કેટલાક નર્મદ-અભ્યાસીઓને એમાં સાંકળી, વિવિધ સામગ્રીનું દ્રષ્ટિસમ્પન્ન સંપાદન કરી, વહેણ અને વિશ્રામના સંગમ જેવો **આ ગ્રંથ ગુજરાતના હાથમાં મૂકવા માટે યુનિવર્સિટીના કાર્યકુશળ અને દીર્ઘદર્શી કુલપતિ ડો. બી.એ. પ્રજાપતિને અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન, ગુજરાતીના સમદ્રષ્ટિ વિવેચક, સૌષ્ઠવયુકત ગદ્યકાર અને સક્ષમ-સાવધ સંપાદક આચાર્ય જગદીશ ગૂર્જરને અભિનંદન.**

કોઈને યાદ કરવાની પણ કોઈ એક યાદગાર પળ હોય છે. સ્મરણ કરવાની સાચી રીત જડી જાય તો કોઈ પણ ચોઘડિયું સ્મૃતિનું શુભ મુહૂર્ત બની જાય છે. ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણ જયંતિનું આ વર્ષ નર્મદનું સ્મરણ કરવા માટે કઈ રીતે ઉચિત બને, એ આપણે વિચારવું રહયું. નર્મદની નિસ્પૃહતા-નિર્ભીકતા, ધર્મ અને રાજયની મત્ત સત્તાનું એણે બેધડક કરેલું મર્મગામી વિશ્લેષણ, તેમજ એની ઉત્કટ જીવન-રસિકતા, ત્રણે વિશેના કેટલાક વિચારપ્રેરક લેખો આ સંપાદનમાં વાંચવા મળે છે. "પદ્ય, ગદ્ય કે પત્રકારત્વ - તમામ ક્ષેત્રે નર્મદનો શબ્દ... મિસાઈલ જેવો કાર્યસાધક રહયો છે." એમ કુલપતિ **ડો. બાબુભાઈ પ્રજાપતિએ, સચોટ ઉપમા વડે કહયું છે. આજના આપણા જીવનમાં, અંગત તેમ જ જાહેર જીવનના સુધારા-યોગ્ય વિસ્તારોમાં, નર્મદ-શબ્દનાં એ મિસાઈલ પોતાનું કામ, જેમ એના સમયમાં તેમ આપણા સમયમાં પણ, કાર્યસાધક અને ચોટદાર રીતે કરતાં રહે, એ જોવાની જવાબદારી હવે આ ગ્રંથ સાથે આપણા હાથમાં આવે છે. જો જો હાથ ધ્રુજે નહીં !"**

**બી. જે. અંકુયા, ઈનચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન**

નમસ્તેડસ્તુ આપણી પ્રાર્થના એ છે કે, નમસ્તેડસ્તુ... નમસ્તેડસ્તુ તને અમારા નમસ્કાર હો. ...તને મારા નમસ્કાર હો. સુખ આવો કે દુ:ખ આવો, નમસ્તેડસ્તુ... માન આવો કે અપમાન આવો, નમસ્તેડસ્તુ... તું રક્ષણ કરે છે એ જાણીને નમસ્તેડસ્તુ... તું હરહંમેશ મારી પાસે જ છે એ જાણીને નમસ્તેડસ્તુ... તારા ગૌરવમાં જ મારૂં એકમાત્ર ગૌરવ છે એ જાણીને નમસ્તેડસ્તુ... અખંડ બ્રહ્માંડનો અનંતકાલનો અધીશ્વર તું જ નમસ્તેડસ્તુ... પિતા નોડસિ એ જાણીને નમસ્તેડસ્તુ... વિષયને જ આશ્રય માનવાનું મિટાવી દે, નમસ્તેડસ્તુ... મને પોતાને જ મોટો માનવાનું મિટાવી દે, નમસ્તેડસ્તુ...

રવીન્દ્રનાથ ટાગોર

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com